# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાત્રે કેનેડાના કનાનાસ્કિસ ખાતે જી-સાત શિખર સંમેલનમાં ભાગ લેશે
2) અમદાવાદ વિમાન દુર્ઘટનાનાં 163 મૃતકોના DNA નમૂના મેચ થયા- 124 પાર્થિવ દેહ તેમનાં સ્વજનોને સોંપાયા
3) ગુજરાત, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, ઝારખંડમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી- સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદનું રેડ એલર્ટ
4) ઈરાન અને ઈઝરાયલે પાંચમા દિવસે પણ એકબીજા પર હુમલા કર્યા
5) ICC મહિલા વન-ડે બેટિંગ રેન્કિંગમાં, ભારતની સ્મૃતિ મંધાના ફરી એકવાર પ્રથમ ક્રમે

...........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE.PM CANADA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાત્રે કેનેડાના કનાનાસ્કિસ ખાતે જી-સાત શિખર સંમેલનમાં ભાગ લેશે. તેઓ બદલાતી દુનિયામાં સુલભતા અને પોષણક્ષમતા સુનિશ્ચિત કરવા માટે ઊર્જા સુરક્ષા, ટેકનોલોજી, માળખાગત સુવિધાઓ અને રોકાણના ભવિષ્ય પરની ચર્ચામાં ભાગ લેશે. આ સંમલેનમાં પ્રધાનમંત્રીની આ સતત છઠ્ઠી ભાગીદારી હશે. શ્રી મોદી જી-સાત દેશોના નેતાઓ, અન્ય આમંત્રિત દેશો અને આંતરરાષ્ટ્રીય સંગઠનોના વડાઓ સાથે મહત્વપૂર્ણ વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે. તેઓ અનેક દ્વિપક્ષીય બેઠકો પણ કરશે, જેમાં કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નીનો પણ સમાવેશ થાય છે.

જી-સાત બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે વિશ્વભરના અનેક દેશો એકબીજા સાથે સંઘર્ષમાં છે. ઈરાન અને ઇઝરાયલ વચ્ચે ભીષણ સંઘર્ષ ચાલી રહ્યો છે, જ્યારે રશિયા અને યુક્રેન પણ એકબીજા પર પ્રહાર કરી રહ્યા છે. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અને ઓપરેશન સિંદૂર પછી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આ મુલાકાત મહત્વપૂર્ણ બની રહી છે.

# VP-VIKSIT BHARAT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ભારપૂર્વક જણાવ્યું હતું કે, વિકસિત ભારત માત્ર એક સ્વપ્ન નથી પરંતુ એક ચોક્કસ ગંતવ્ય છે, જે મજબૂત જ્ઞાન અર્થતંત્ર દ્વારા સંચાલિત છે. પોંડીચેરી વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્ટાફ સભ્યો સાથે વાતચીત કરતા તેમણે દેશને વિકસિત ભારત તરફ દોરવામાં મુખ્ય હિતધારકો તરીકે યુવાનો અને વિદ્યાર્થીઓની નિર્ણાયક ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

શિક્ષણના મહત્વ પર ભાર મૂકતા શ્રી ધનખડે કહ્યું કે શિક્ષણ અસમાનતાને દૂર કરે છે. જોકે, તેમણે ભારતની પરંપરાગત ગુરુકુલ પ્રણાલીમાં મૂળ ધરાવતા મૂલ્યો તરફ પાછા ફરવાની વિનંતી કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, આપણું લક્ષ્ય વૈશ્વિક સ્તરે ઉત્કૃષ્ટતા ધરાવતી સંસ્થાઓનું નિર્માણ કરવાનું હોવું જોઈએ.

# PLANE CRASH DNA SAMPLE

અમદાવાદ વિમાન દુર્ઘટનાનાં મૃતકોના DNA મેચિંગ માટે સેમ્પલિંગની કામગીરી પૂર્ણતાના આરે છે. અમદાવાદ સિવિલ હોસ્પીટલનાં સુપ્રિટેન્ડેન્ટ ડોક્ટર રાકેશ જોશીએ જણાવ્યું હતું કે અત્યાર સુધી 163 મૃતકોના DNA નમૂના મેચ થયા છે, જેમાંથી 124 મૃતદેહો તેમનાં સ્વજનોને સોંપવામાં આવ્યા છે. 39 મૃતદેહોમાંથી 21 આવતીકાલ સવાર સુધી સોંપી દેવાશે. 12 મૃતદેહો માટે મૃતકનાં પરિવારનાં સભ્યો બીજા સભ્યોની રાહ જોઈ રહ્યા છે.

દરમિયાન આ ઘટનાનાં થોડા દિવસ બાદ એર ઇન્ડિયાની અમદાવાદ-લંડન ગેટવિક ફ્લાઇટ નંબર એઆઇ- 159ને આજે રદ કરવામાં આવી છે. આ ફ્લાઇટ બપોરે 1 વાગીને 10 મિનિટે ઉપડવાની હતી. એર ઇન્ડિયાએ એક યાદીમાં જણાવ્યું કે હવાઇ ક્ષેત્ર પર નિયંત્રણો અને વધારાની સલામતી તપાસને કારણે એરક્રાફ્ટ ઉપલબ્ધ ન હોવાથી ફ્લાઇટ રદ કરવામાં આવી છે.

# BJP-CASTE CENSUS

ભાજપે આજે કોંગ્રેસ પર જાતિ આધારિત વસ્તી ગણતરી અંગે સરકારના વલણ અંગે જનતાને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો હતો. આજે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા ભાજપના પ્રવક્તા ડૉ. સુધાંશુ ત્રિવેદીએ જણાવ્યું હતું કે સરકારે વસ્તી ગણતરી કરવાનો નિર્ણય લીધો છે અને એવું કહેવામાં આવ્યું છે કે સામાજિક-આર્થિક અને જાતિ વસ્તી ગણતરી કરાશે.

(બાઇટ: SUDHANSHU-TRIVEDI-CENSUS)

શ્રી ત્રિવેદીએ કહ્યું કે, કોંગ્રેસે જાણવું જોઈએ કે જાતિગત વસ્તી ગણતરી કરવી એ રાજ્યોના નહીં, પરંતુ કેન્દ્ર સરકારના અધિકારક્ષેત્રમાં આવે છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ તેલંગાણાનું ઉદાહરણ આપી રહી છે, પરંતુ તેમણે એ સમજવું જોઈએ કે ત્યાં જે થઈ રહ્યું છે તે એક સર્વે છે, વસ્તી ગણતરી નહીં.

# AMARNATH-YATRA

કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહને આજે આગામી અમરનાથ યાત્રાની સુરક્ષા તૈયારીઓ માટે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. શ્રીનગરના પોલીસ મુખ્યાલયમાં યોજાયેલી આ બેઠકમાં જમ્મુ અને કાશ્મીરના મુખ્ય સચિવ અને પોલીસ વડા, ભારતીય સેનાના વરિષ્ઠ અધિકારીઓ, તેમજ ગુપ્તચર સંસ્થાના પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા. અમરનાથ યાત્રાની સુરક્ષા અને તૈયારીઓ અંગે એક કાર્ય યોજનાને અંતિમ સ્વરૂપ આપવા આ બેઠક યોજાઇ. બેઠક દરમિયાન, વરિષ્ઠ અધિકારીઓએ કોઈપણ સંભવિત જોખમો અને પડકારોનો સામનો કરવા માટે સુરક્ષા પગલાંના ઝીણવટભર્યા આયોજન અને અમલીકરણની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો.

હિમાલયમાં 3 હજાર 888 મીટર ઊંચા પવિત્ર મંદિરની વાર્ષિક યાત્રા આગામી મહિનાની 3જી તારીખે શરૂ થશે અને 9 ઓગસ્ટે રક્ષાબંધન નિમિત્તે સમાપ્ત થશે.

# ARMY CHIEF CHINTAN

ભૂમિ દળના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને ભૂતપૂર્વ ભૂમિદળના વડા વચ્ચે બે દિવસીય સંવાદ, 'ચીફ્સ ચિંતન,' આજે નવી દિલ્હીમાં શરૂ થયો. આ સંવાદનો ઉદ્દેશ્ય સેનાના ભૂતપૂર્વ વડાઓના સંસ્થાકીય જ્ઞાન અને અનુભવનો લાભ લેવા માટે એક મંચ પૂરું પાડવાનો છે. આ પ્રસંગે, જનરલ દ્વિવેદીએ ભારતીય સેનાના હાલના પરિવર્તન અને ભાવિ દિશાને આકાર આપવામાં ભૂતપૂર્વ વડાના સતત જોડાણના મહત્વ પર ભાર મૂક્યો. આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ઓપરેશન સિંદૂર પર વ્યાપક ઓપરેશનલ બ્રીફિંગ હતું, જેમાં ભારતીય વાયુસેના અને નૌકાદળ સાથે કામગીરીના સુમેળભર્યા સંચાલનનો સમાવેશ થાય છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

# EVE. IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી 24 કલાક દરમિયાન સૌરાષ્ટ્ર, કચ્છ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, ઝારખંડ અને દેશના અન્ય ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

દરમિયાન ગુજરાતમાં, દક્ષિણ પશ્ચિમ ચોમાસું સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગળ વધ્યું છે, જેના કારણે આ પ્રદેશમાં ભારે વરસાદ થયો છે. સૌરાષ્ટ્રના બોટાદ, અમરેલી, સુરેન્દ્રનગર, ભાવનગર જેવા જિલ્લાઓમાં સતત બીજા દિવસે અલગ અલગ સ્થળોએ ભારે વરસાદ પડ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરમાં સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી.

સાંભળીએ એક અહેવાલ

## (વોઇસ કાસ્ટ: અનિલ પટેલ)

*રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદના પગલે અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની સ્થિતિને ધ્યાનમાં લેતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે મોડી સાંજે વીડિયો કોન્ફરન્સ દ્વારા વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓના કલેક્ટરો સાથે વાત કરી હતી અને બચાવ કાર્યની સમીક્ષા કરી હતી.*

*વરસાદથી પ્રભાવિત જિલ્લાઓમાં NDRF ની પાંચ ટીમો અને SDRF ની 20 ટીમો તહેનાત કરવામાં આવી છે, અને અત્યાર સુધીમાં વરસાદી પાણીમાં ફસાયેલા 100 થી વધુ લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. દરમિયાન, હવામાન વિભાગે આવતીકાલે સવાર સુધી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના નવ જિલ્લાઓ માટે ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે.*

*અનિલ પટેલ આકાશવાણી સમાચાર અમદાવાદ*

# YOGA BANDHAN CELEBRATIONS

21મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અગાઉ, મોરારજી દેસાઈ રાષ્ટ્રીય યોગ સંસ્થાન દ્વારા આજે નવી દિલ્હીમાં યોગ બંધન કાર્યક્રમનું આયોજન કરાયું. આ કાર્યક્રમમાં ડેનમાર્ક, ઇન્ડોનેશિયા, મલેશિયા, દક્ષિણ કોરિયા, આર્જેન્ટિના સહિત વિવિધ દેશોના અગ્રણી પ્રતિનિધિઓની ભાગીદારી જોવા મળી હતી. આ કાર્યક્રમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2025 ના સંદર્ભમાં આયોજિત થનારા દસ મુખ્ય કાર્યક્રમોમાંનો એક છે અને સંસ્થા-થી-સંસ્થા જોડાણો બનાવીને યોગમાં વૈશ્વિક સહયોગ વધારવાની ભારતની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

# REV. IRAN-ISRAEL WAR

ઈરાન અને ઈઝરાયલ પાંચમા દિવસે પણ એકબીજા પર હુમલા કરી રહ્યા છે, જેમાં સ્થાનિક નાગરિકો પર હુમલાઓનો સામનો કરવો પડી રહ્યો છે. ઈઝરાયલી હુમલાના જવાબમાં ઈરાને બે મિસાઈલોનો હુમલો કર્યો, જેના કારણે મધ્ય અને ઉત્તરી ઈઝરાયલના કેટલાક ભાગોમાં વહેલી સવારે હવાઈ હુમલાની ચેતવણીઓ શરૂ થઈ ગઈ.

ઈરાનના સશસ્ત્ર દળોએ ઈઝરાયલને ચેતવણી આપી હતી કે નવા અને અદ્યતન શસ્ત્રોનો ઉપયોગ સાથે આગામી કલાકોમાં ભીષણ હુમલાઓ વધુ તીવ્ર બનશે. બીજી તરફ, ઇઝરાયલની સેનાએ જણાવ્યું હતું કે, તેણે પશ્ચિમ ઇરાનમાં લશ્કરી લક્ષ્યો પર અનેક વ્યાપક હુમલાઓ કર્યા હતા. ઇઝરાયલની સેનાએ દાવો કર્યો હતો કે તેણે રાતોરાત થયેલા હુમલામાં ઇરાનના યુદ્ધ સમયના ચીફ ઓફ સ્ટાફ અને સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીના નજીકના સહાયક અલી શાદમાનીને મારી નાખ્યા હતા. ઇરાનમાં, સંઘર્ષ શરૂ થયા પછી ઓછામાં ઓછા 224 લોકો માર્યા ગયા છે. ઇઝરાયલમાં, 24 લોકો માર્યા ગયા છે.

# TRUMP-EXITS G7

ઇઝરાયલ અને ઈરાન વચ્ચેનો સંઘર્ષ વધતા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કેનેડામાં જી-સાત શિખર સંમેલન વહેલા છોડીને વોશિંગ્ટન પરત ફર્યા છે. વિશ્વ નેતાઓએ મધ્ય પૂર્વમાં તણાવ ઓછો કરવા માટે સંયુક્ત નિવેદન કર્યાના થોડા કલાકો પછી જ આ પગલું લેવામાં આવ્યું છે. ટ્રમ્પના બહાર નીકળવાના થોડા સમય પહેલા, જી-સાતએ ઇઝરાયલ-ઈરાન સંઘર્ષના ઉકેલ અને પ્રદેશને સ્થિર કરવા માટે વ્યાપક પ્રયાસો કરવાની હાકલ કરી હતી.

ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોને જણાવ્યું હતું કે ટ્રમ્પે સાથી જી-સાત નેતાઓને કહ્યું હતું કે ઇઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ સુરક્ષિત કરવા માટે ચર્ચા ચાલી રહી છે. જોકે, ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં આ લાક્ષણિકતાને નકારી કાઢી હતી, અને લખ્યું હતું કે તેમના પ્રસ્થાનને યુદ્ધવિરામ સાથે કોઈ લેવાદેવા નથી.

# ICC WOMEN'S RANKING

ICC મહિલા વન-ડે બેટિંગ રેન્કિંગમાં, ભારતની સ્મૃતિ મંધાનાએ નવેમ્બર 2019 પછી પ્રથમ વખત નંબર 1નું  સ્થાન પાછું મેળવ્યું છે. 28 વર્ષીય ખેલાડી મંધાના 727 રેટિંગ પોઇન્ટ સાથે ટોચ પર પહોંચી ગઈ છે. તેણે દક્ષિણ આફ્રિકાની લૌરા વોલ્વાર્ડ્ટને પાછળ છોડી દીધી છે, જે ઇંગ્લેન્ડની નેટ સ્કિવર-બ્રન્ટ સાથે સંયુક્ત રીતે બીજા સ્થાને આવી ગઈ છે મંધાનાના પ્રદર્શનમાં વાપસીમાં તેની 11મી વન-ડે સદીનો સમાવેશ થાય છે, જે કોલંબોમાં શ્રીલંકા અને દક્ષિણ આફ્રિકા સામેની ભારતની તાજેતરની ત્રિકોણીય શ્રેણીની ફાઇનલ દરમિયાન ફટકારી હતી.